સુધરેલી રીત મુજબ   નવાં ધોરણ માટે.

બાળવર્ગની નોટ.

જેની અંદર મૂળાક્ષર શિક્ષણ, મૂળાક્ષર લખવાનો ક્રમ ત્રણ રીતે, મૂળાક્ષર, બે અક્ષરના શબ્દ, ત્રણ અક્ષરના શબ્દ, બારાખડી, આંક, ભાગ ૧લાના અર્થ, ભાગ ૨ જાના અર્થ, [illegible] અને કવિતાની સમજુતી, ડમ્બેલ્સની ડ્રિલ, પોતાની જગાએ જતી વખત બોલવાની ડ્રિલ, સ્વર જોડી સંયુક્ત બોલવાની ડ્રિલ, એકથી પાંચ સુધી ઉમેરવા તથા બાદ કરવા વિષે પાઠ, સરવાળાનો કોઠો, બાદબાકીનો કોઠો, દંડાની રમત વિગેરે.

બનાર—મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો.

પ્રસિદ્ધ કર્તા—C. M. Shah.
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણુ—શાહપોર—સુરત.

સને ૧૯૧૯.]   આવૃત્તિ ૩ જી.   [સંવત ૧૯૭૫.

છાપનાર-નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.
છાપવાનું ઠેકાણું—'શંકર' પ્રીન્ટીંગ પ્રેસ ચકલાના પુલપર—સુરત.
કિંમત બે આના.

બાળવર્ગની નોટ.

મૂળાક્ષર શિક્ષણ.

સાધન:—સ્લેટ, રકાબી, કડી, સળી, રંગીન પેન.

સૂચના:—પ્રથમ ડ્રિલ કરાવી વ્યવસ્થિત બેસાડવા. પ્રથમ સીધી લીટીથી બનતા અક્ષર શિખવવા; પછી વક્ર લીટીથી.

આરંભ પ્રશ્ન.

પ્ર૦ તમને રજા કેટલે વાગે મળે છે?
જ૦ ચાર વાગે સાહેબ.
પ્ર૦ રજા મળ્યા પછી ક્યાં જશો? જ૦ ઘેર.
મૂળાક્ષરનો કક્કો લઇ ઘર ઓળખાવવું.
પ્ર૦ ઘરમાં પહેલો કયો અક્ષર બોલાયો?
જ૦ ઘ.
આજે એ તમને શિખવવાનો છે.

જવાબ હંમેશાં દરેક છોકરા પાસે પૂર્ણ વાકયમાં લેવા મહાવરો રાખવો.

મુખ્ય વિષય.

દરેક છોકરાની આગળ સ્લેટો મુકાવવી, અને સ્લેટની ડાબી બાજુએ જેટલી જોઇએ તેટલી કડી સળી મૂકેલી એવી રકાબીઓ મુકાવવી પછી શિક્ષકે વર્ગ આગળ પોતાની પાસે રાખેલી કડી, સળી અનુક્રમે ગોઠવી બતાવી બાળકો તેમ કરે છે કે નહિ તે જોવું.

અક્ષર તૈયાર કરાવ્યા પછી રંગીન પેન રકાબીમાંથી લેવડાવી અક્ષરની પાસે ફેરવાવવી. પછી કડી સળીઓ ગોઠવી હતી તે

મુજબ જુદા આકારો પડાવી ઘ છોકરા પાસે લખાવવો. (શિક્ષક ઘ કઢાવવામાં પાટીઆનો ઉપયોગ કરવો.)

પુનરાવર્તન.

વર્ગમાંથી ૨-૪ છોકરા પાસે રંગીત ચાક વડે ઘ પાટીઆપર લખાવવો. બાદ સરખી ૫ રંગીત સળીથી ઘર બનાવવું અને તે મુજબ વર્ગના તમામ છોકરાઓ પાસે બનાવરાવવું.

ચોપાઈ.

એક સળી આડી મુકાય; બે ઉભી તે ભીંત ગણાય.
બે બાજુ બે બનાવ ઢાળ; તે ઘરમાં તો રહેશે બાળ.
પાઠ અમારો થયો તૈયાર, સર્વે જઇશું હારો હાર.

ટીપઃ—નમુના માટે આ પાઠ શિખવી બતાવ્યો છે. એ મુજબ બીજા પાઠો શિખવવા.

મૂળાક્ષર શિખવવાનો ક્રમ.

ન, મ, ત, લ, ગ, ણ, જ, ઝ, ર, સ, શ, ચ, વ, ળ, પ, ષ, દ, ઇ, છ, ધ, ઘ, ઉ, ઊ, ટ, ઠ, ય, થ, ડ, ઢ, હ, ક, ફ, બ, ભ, ખ, અ.

બીજી રીતે.

મ, ન, ત, ભ, લ, દ, ધ, ઘ, છ, ઇ, ઈ, વ, બ, ગ, ણ, ઝ, ચ, અ, આ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ, ઉ, ઊ, પ, ષ, ખ, ટ. ઠ, ય, થ, ર, શ, સ, ડ, ઢ, ક, ફ, હ, જ, ળ.

ત્રીજી રીતે.

મેસર્સ. સી. ડી. શાહ. એન્ડ કોના બનાવેલા અંકસૂચક મૂળાક્ષર કિત્તા પ્રમાણે.

મૂળાક્ષર.

ક, ખ, ગ, ઘ, ઙ, ચ, છ, જ, ઝ, ઞ, ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ, ધ, ન, પ, ફ, બ, ભ, મ, ય, ર, લ, વ, શ, ષ, સ, હ, ળ, ક્ષ, જ્ઞ.

અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં અઃ

બે અક્ષરના શબ્દો.

ઇદ	ખર	જમ	દસ	બળ
ઉડ	ખસ	જય	દળ	ભણ
ઉઠ	ખલ	ટપ	ધન	ભર
ઊન	ગધ	ટબ	નખ	ભસ
ઊસ	ગજ	ઠગ	નટ	મગ
કણ	ગણ	ડર	નર	મઠ
કદ	ગઢ	ઢગ	નવ	મણ
કફ	ગપ	તજ	નસ	મન
કપ	ઘર	તડ	પગ	મર
કમ	ઘડ	તર	પણ	યમ
કર	ઘન	તલ	પડ	રજ
ખપ	ચક	થડ	પદ	રડ
ખણ	જગ	થર	પળ	રથ
ખડ	જણ	દનુ	ફૂળ	રસ

લખ	વઢ	વણુ	સઢ	હઠ
વર	વઠ	વન	સળ	હળ
વડ	વટ	શણુ	હગ	હસ

ત્રણ અક્ષરના શબ્દો.

અક્ષર	કબજ	ચલમ	તલપ	મગજ
અડદ	કમળ	જખમ	તસર	મગર
અદલ	કરડ	જગત	દરદ	મરણુ
અધર	કરણુ	જડજ	નકલ	મરદ
અમલ	કલમ	જણુસ	નગર	મલમ
અમર	કસબ	જનક	નજર	રબર
અરજ	ખબર	જનમ	નરક	રમણુ
અસર	ખરચ	જમણુ	નરમ	લગર
અસલ	ગગન	જલદ	નરસ	વચન
ઇલમ	ગજબ	જસત	નવલ	વતન
ઉપજ	ગટર	ઝટક	પરખ	વરખ
ઉપર	ગમત	ઝડપ	પવન	વરસ
કઠણુ	ગરજ	ઝપટ	ફણુસ	વલણુ
કડક	ગરમ	ઝરણુ	ફરક	શરમ
કડબ	ગવન	તનખ	બગલ	સડક
કણુક	ઘરડ	તદન	બદન	સમજ
કનલ	ચડસ	તપત	બરડ	સરસ
કદમ	ચપટ	તબક	બરફ	સહજ
કદર	ચપળ	તરડ	બળદ	હરણુ
કનક	ચમન	તરફ	ભગત	હરફ
કપટ	ચરસ	તરત	ભજન	હરખ
કફન	ચલણુ	તરસ	ભરમ	

આંક.

૧	૧૧	૨૧	૩૧	૪૧	૫૧	૬૧	૭૧	૮૧	૯૧
૨	૧૨	૨૨	૩૨	૪૨	૫૨	૬૨	૭૨	૮૨	૯૨
૩	૧૩	૨૩	૩૩	૪૩	૫૩	૬૩	૭૩	૮૩	૯૩
૪	૧૪	૨૪	૩૪	૪૪	૫૪	૬૪	૭૪	૮૪	૯૪
૫	૧૫	૨૫	૩૫	૪૫	૫૫	૬૫	૭૫	૮૫	૯૫
૬	૧૬	૨૬	૩૬	૪૬	૫૬	૬૬	૭૬	૮૬	૯૬
૭	૧૭	૨૭	૩૭	૪૭	૫૭	૬૭	૭૭	૮૭	૯૭
૮	૧૮	૨૮	૩૮	૪૮	૫૮	૬૮	૭૮	૮૮	૯૮
૯	૧૯	૨૯	૩૯	૪૯	૫૯	૬૯	૭૯	૮૯	૯૯
૧૦	૨૦	૩૦	૪૦	૫૦	૬૦	૭૦	૮૦	૯૦	૧૦૦

નાનો આંક એકમનો તેથી મોટો દશકનો અને તેથી મોટો શતકનો.

બારાખડી.

ક્+અ = ક ખ ગ ઘ ચ છ જ ઝ ટ ઠ ડ ઢ ણ ત થ દ ધ

ક્+આ = કા ખા ગા ઘા ચા છા જા ઝા ટા ઠા ડા ઢા ણા તા થા દા ધા

ક્+ઇ = કિ ખિ ગિ ઘિ ચિ છિ જિ ઝિ ટિ ઠિ ડિ ઢિ ણિ તિ થિ દિ ધિ

ક્+ઈ = કી ખી ગી ઘી ચી છી જી ઝી ટી ઠી ડી ઢી ણી તી થી દી ધી

ક્+ઉ = કુ ખુ ગુ ઘુ ચુ છુ જુ ઝુ ટુ ઠુ ડુ ઢુ ણુ તુ થુ દુ ધુ

ક્+ઊ = કૂ ખૂ ગૂ ઘૂ ચૂ છૂ જૂ ઝૂ ટૂ ઠૂ ડૂ ઢૂ ણૂ તૂ થૂ દૂ ધૂ

ક્+એ = કે ખે ગે ઘે ચે છે જે ઝે ટે ઠે ડે ઢે ણે તે થે દે ધે

ક્+ઐ = કૈ ખૈ ગૈ ઘૈ ચૈ છૈ જૈ ઝૈ ટૈ ઠૈ ડૈ ઢૈ ણૈ તૈ થૈ દૈ ધૈ

ક્+ઓ = કો ખો ગો ઘો ચો છો જો ઝો ટો ઠો ડો ઢો ણો તો થો દો ધો

ક્+ઔ = કૌ ખૌ ગૌ ઘૌ ચૌ છૌ જૌ ઝૌ ટૌ ઠૌ ડૌ ઢૌ ણૌ તૌ થૌ દૌ ધૌ

ક્+અં = કં ખં ગં ઘં ચં છં જં ઝં ટં ઠં ડં ઢં ણં તં થં દં ધં

ક્+ઃ = કઃ ખઃ ગઃ ઘઃ ચઃ છઃ જઃ ઝઃ ટઃ ઠઃ ડઃ ઢઃ ણઃ તઃ થઃ દઃ ધઃ

ભાગ ૧ના અર્થ.

વર્ગ ૧.

તરવાર=શમશેર

લમોટો=મંજો

મલ્લ=જોરાવર માણસ.

મલમ=ચીકણું ચોપડવાનું ઓસડ

સુરજ=રવિ

વર્ગ ૨.

ફેણ=નાગની પહોળી ડોક

ગણ=ગણતરી કર

મગ=એક જાતનુ કઠોળ

મગન=છોકરાનું નામ છે.

ગમત=મજા

ગમન=છોકરનું નામછે.

જમ=ખા

જમણ=જમવાનું

ગજ=ચોવીસ તસુનું માપ

નમ=નીચો વળ.

વર્ગ ૩.

રથ=ચાર પૈંડાની ઘુમટવાળી ગાડી.

સગડી=દેવતા સળગાવવાનું સાધન

તર=પાણીમાં શરીર અધર રાખ

સરસ=સારી

રમત=ખેલ

તરત=જલદી

રતન=છોકરીનું નામછે.

શકોરૂં=માટીનો વાડકો

ચકલી=ચલ્લી

શણ=એક જાતનો છોડ

ચમર=વાળની પીંછી

ન	પ	ફ	બ	ભ	મ	ય	ર	લ	વ	શ	ષ	સ	હ	ળ	ક્ષ	જ્ઞ
ના	પા	ફા	બા	ભા	મા	યા	રા	લા	વા	શા	ષા	સા	હા	ળા	ક્ષા	જ્ઞા
નિ	પિ	ફિ	બિ	ભિ	મિ	યિ	રિ	લિ	વિ	શિ	ષિ	સિ	હિ	ળિ	ક્ષિ	જ્ઞિ
ની	પી	ફી	બી	ભી	મી	યી	રી	લી	વી	શી	ષી	સી	હી	ળી	ક્ષી	જ્ઞી
નુ	પુ	ફુ	બુ	ભુ	મુ	યુ	રુ	લુ	વુ	શુ	ષુ	સુ	હુ	ળુ	ક્ષુ	જ્ઞુ
નૂ	પૂ	ફૂ	બૂ	ભૂ	મૂ	યૂ	રૂ	લૂ	વૂ	શૂ	ષૂ	સૂ	હૂ	ળૂ	ક્ષૂ	જ્ઞૂ
ને	પે	ફે	બે	ભે	મે	યે	રે	લે	વે	શે	ષે	સે	હે	ળે	ક્ષે	જ્ઞે
નૈ	પૈ	ફૈ	બૈ	ભૈ	મૈ	યૈ	રૈ	લૈ	વૈ	શૈ	ષૈ	સૈ	હૈ	ળૈ	ક્ષૈ	જ્ઞૈ
નો	પો	ફો	બો	ભો	મો	યો	રો	લો	વો	શો	ષો	સો	હો	ળો	ક્ષો	જ્ઞો
નૌ	પૌ	ફૌ	બૌ	ભૌ	મૌ	યૌ	રૌ	લૌ	વૌ	શૌ	ષૌ	સૌ	હૌ	ળૌ	ક્ષૌ	જ્ઞૌ
નં	પં	ફં	બં	ભં	મં	યં	રં	લં	વં	શં	ષં	સં	હં	ળં	ક્ષં	જ્ઞં
નઃ	પઃ	ફઃ	બઃ	ભઃ	મઃ	યઃ	રઃ	લઃ	વઃ	શઃ	ષઃ	સઃ	હઃ	ળઃ	ક્ષઃ	જ્ઞઃ

ચમન=છોકરાનું નામ છે.

બીલીપત્ર=બીલી નામના ઝાડનાં પાંદડાં

અંક=આંકડા

વર્ગ ૪.

વહાણ=મોટી હોડી

નળ=પાણીની મોટી નળી

વળ=પાછો ફર

વણ=વીછુ

જવ=ઘઉના જેવા આકારનું ધાન્ય

વર=વિના

ગળ=ગળે ઉતાર

પતંગ=કનકવો

ધનુષ=કામઠું

પગ=ટાંટીઆ

પરણ=લગન કર

પવન=વા

ચોરસ=ચાર કાટખુણાનો આકાર

વર્ગ ૫.

દડો=બોલ

ઇયળ=એક જાતનું ઝીણું કીડા જેવું પ્રાણી

દળ=પીસ

ઇસ=ખાટલાના જે ઉભા આડાં લાકડાં તે

આંગળાં=આંગળીઓ

વર્ગ ૬.

ઘડો=માટીનો દોરીઓ

ધજા=વાવટા; નિશાન

છગન=છોકરાનું નામ છે.

ઘસ=ઘસડ

ઘન=સરખી લંબાઈ પહોળાઈ અને જાડાઈના કકડા

ઘર=મકાન

ધમણ=ભઠ્ઠી ફુંકવાનું ચામડાનું સાધન
મધ=ગળ્યો ચીકણો પ્રવાહી પદાર્થ

વર્ગ ૭.

ઉતરડ=મોટા માટલા પર નાના અનુક્રમે ગોઠવેલા હોય તે.
ઊન=ઘેટાના વાળ
ઉજમ=છોકરીનું નામ છે
ઉમર=મુસલમાન છોકરાનું નામ છે

વર્ગ ૮.

ટટ્ટુ=નાનો ઘોડો
ઢબુ=અડધીઓ; બે સવાકા
ઝટ=જલદી
ઢગ=ઢગલો
ગઢ=કિલ્લો
સઢ=વહાણમાં કુવાને બાંધેલું પવન ભરવાનું કપડું
થડ=ઝાડનો વચલો ગોળ ભાગ
કરોળીઓ=જાળાં બાંધનાર જીવડું

વર્ગ ૯.

ડગલો=અંગરખો
ઢુંગીઓ=ઘી
હળ=જમીન ખેડવાનું ઓજાર
મઠ=એક જાતનું કઠોળ
હસન=મુસલમાન છોકરાનું નામ છે.
ફણસ=એક જાતનું ફળ (એમાંથી ચાંપા નીકળે છે)
કલમ=લેખણ
પકડ=ઝાલ
મણકા=ગોળ દાણા

વર્ગ ૧૦

ભમરડો=ફેરવવાનું રમકડું
ભરડ=ભચડ
ખડીઓ=સહી ભરવાનું ઠામ
અજગર=મોટો સાપ
ખલ=પત્થરની લાંબી ખાંડણી
અડદ=એક જાતનું કઠોળ
અદબ=બે હાથ વાળી છાતી સાથે રાખવા તે
પંજો=આંગળા સાથનું કાંડું

ભાગ ૨ જાના અર્થ.

પાઠ ૧.

બા=બેન
મા=બાપની વહુ
ના=નહિ
ભા=દાદા
ચાર=લીલું ઘાસ
ચાકર=નોકર

પાઠ ૨.

મામા=મામા ભાઇ
લાડુ=લાડુ
બાપા=માનો વર

પાઠ ૪.

ડીલે=શરીરે
ઘી=તાવેલું માખણ
તીણા=અણીવાળા
ધા[illegible]=ભાળ; નિમાળા
માળી=બાગની સંભાળ રાખનાર

પાઠ ૫.

બહુ=ઘણું
પુરી=તળેલી નાની રોટલી.
ગુલાબ=એક જાતનું ફુલ.

સુલતાની=છોકરાનું નામ છે
ઝુમ=ઘાંટા
ફૂલ=ખીલેલી કળી
ભૂ=પાણી
પાસે=કને

પાઠ ૬.

કવા=ઓસડ
પૈસા=નાણું
તાવ=બોખાર; તપત
બૈરી=બાયડી
વૈતરા=મજુર
લટકે=લબડે

પાઠ ૭

દડો=ગોળ
પીળો=હળદર જેવો.
દોરો=દોરી
સૌ=બધા
રાતો=લાલ
વાદળી=આસમાનના રંગ જેવો.
ગીત=રાગથી ગાવું તે.

પાઠ ૮.

ઈંટ=માટીનો લંબચોરસ ઘાટ
બંગડી=કાચની ચુડી
શાંતી=છોકરીનું નામ છે.

પતંગ=કનકવો
ચમચાક=કનકવાના પુછડા આગળ જુદા રંગનો કડકો ચોઢેલો હોય છે તે.

પાઠ ૯

ભલી=ગરીબ
વળગી=બાઝી
વાછરડી=નાની ગાય
તાંબડી=દૂધ દોહવાનું વાસણ
દહાડો=દિવસ

પાઠ ૧૦.

વહાલા=પ્યારા
અહીં=આ ઠેકાણે
દર=ઉંદર, કીડી, મંકોડા સાપ વગેરેના ઘર; બાકું
ફરી=બીજીવાર

પાઠ ૧૧.

ટાંગેલું=લટકાવેલું
ચાંચ=પક્ષીનું મોં
લીટા=કાપા
પાંજરૂં=પીંજરૂં
કાંઠલો=ગળા પરનો કાપો
પાંખ=પક્ષીને ઊડવાનું સાધન
મઝાનો=સારો; સુંદર

ભાત=રાંધેલા ચોખા
સારૂં=મીઠું; મધુરં

પાઠ ૧૨

પહેલાં=અગાઉ
ચોપડી=પોથી
ચાંપવાને=દાબવાને
મહેતાજી=ગુરુજી; માસ્તર
મોડું=અસુરં
ફાડી=ચીરી
નિશાળ=ભણવાનું ઠેકાણું
પાઠ=ધડો; લેશન
વાર=ઢીલ; વખત

પાઠ ૧૩.

ઘરાક=સોદો લેનાર
દુકાન=માલ વેચવાનું ઠેકાણું
રેવડી=ખાંડની ચાસણીમાં તલ નાખી કરેલી ચકતી.
છેતરતો=ઠગતો
દુકાનદાર=દુકાનવાળો.
બધા=સૌ
નવી=નવીન
માલ=સોદો
પૈસો=ત્રણ પાઈની કિંમતનો સિક્કો

પાઠ ૧૪.

ઓછું=કમી
હવાડો=ઢોરને પાણી પીવા માટે બાંધેલી છોબંધ કુંડી
વેઢા=આંગળીના કાપા
ઢોર=પશુ
ત્રાજવું=તોળવાનું સા-

ધન
મીડું=શૂન્ય

પાઠ ૧૫.

અવળા=ઉલટા
ચંપો=ચંપાના ફૂલનું ઝાડ
ચંપેલી=ચંપેલીના ફૂ-

લનો વેલો.
આગલા=અગાડીના
પાછલા=પછાડીના
મેજ=ટેબલ
પાયા=પગ
પાંખડી=ફૂલની પાંદડી

ગીત અને કવિતાની સમજુતી.

સમજુતી—ચાલો, ઊઠો, આજ આપણે નવી રમત રમીએ: વાવટાઓ લઇને સારો ખેલ કરીએ અને ઉમંગથી હળીમળીને રહીને આપણે મજા કરીએ, લાલ, પીળો અને વાદળી એ ત્રણ મૂળ રંગ કહેવાય છે, બાકીના બીજા બધા મેળવણી કરવાથી થાય છે, આજે આપણે સાથે ગોળ કુંડાળું કરીએ છીએ, તેથી જુદા જુદા રંગ કેવા સારા દેખાય છે! ઉમંગથી હળીમળીને રહીને આપણે મજા કરીએ.

સમજુતી—મા મને ચંદ્રમા વહાલો લાગે છે. ચંદ્રમા વહાલો લાગે છે. મા મને ચંદ્રમા રમવાને આપો અને ઘણા તારાઓ વીણીને મારા ગજવામાં ઘાલો. મા મને ચંદ્રમા વહાલો લાગે છે. મા ચંદ્રમા અડધો મુગટ ધરે છે ને આખો મુગટ પણ ધરે છે. પણ કોઇ દિવસ મુગટ વગર આવતો નથી. ચંદ્રમાનું તેજ મારી આંખોમાં આંજો. મા એને ઊડતો પકડો. મા મને ચંદ્રમા વહાલો લાગે છે.

સમજુતી—તારા ગણ્યા ગણાય નહિ, તેમજ વિણ્યા વિણાય નહિ. તેમજ છાબડીમાં માય પણ નહિ, તોપણ તે મારી આરસીમાં નહાય છે. તારા આકાશમાં ઝબક ઝપક થાય છે, તેથી જાણે તે મંદ મંદ હસે છે એમ લાગે છે. દેવની આંખો અંધારી રાતે પોતાની તેજવાળી ચળકતી પાંખો ઉઘાડે છે.

સમજુતી—ઓ! ઇશ્વર તારું ભજન કરીએ, કારણ કે તારું નામ મોટું છે; તારા ગુણનું હમેશાં ગાયન કરીએ, કે જેથી અમારાં

કામ કાજ. (૧) પ્યાર લાવીને તું અમને હસાવ અને અમારૂં મન હંમેશાં પાપ વગરનું રાખ; જો કદાચ અમે ભૂલ કરીએ તો હે ! પ્રભુ તું માફ કરજે. (૨)

સમજુતી—ગાય કાળી, ધોળી કે રાતી હોય છે, તે પાણી પીએ છે ને ચરવા જાય છે; ગાયને ચાર પગ અને ચાર આંચળ હોય છે, વાછરડાં પર તેનું હેત ઘણું હોય છે. (૧) ગાયના પગને છેડે ખરી છે, અને તેમાં વળી ફાટ છે તેથી એનો ઘાટ સારો દેખાય છે; પાછળ પુંછડાને છેડે વાળ છે, તેથી તે શરીરની સભાળ રાખે છે. (૨) ગાયને બે કાન, બે શીંગડાં ને મોટી આંખો છે. ગાય પુંછડાથી માખી ઉરાડે છે; ગાયની રૂવાંટી નરમ છે તેથી તેનું શરીર સુંવાળું લાગે છે, ગાય વાછરડાં સાથે ગેલ કરે છે. (૩) ગાય દૂધ આપે છે તે ધોળું દેખાય છે, તેમાં માણસ સાકર નાખીને હોંસથી પીએ છે; દૂધનું દહીં, માખણ ને ઘી થાય છે, તેથી ગાય ઘણી ઉપયોગી છે.

સમજુતી—હું ઠામ ઠામ, શહેરમાં અને વગડામાં ગેડું છું. હું ખુશી થાઉં છું અને તને ખુશી કરૂં છું. મેં મારી આંખ ઉઘાડી. હવે હે ! ભાઇ તું તારી પાંખ ઉઘાડ. હું ઘણા બોલ બોલું અને મધુર ટહુકા કરૂં, તું મારી એક શિખામણ માનજે તે એ કે તું લોકોને સારૂં અને પ્રિય લાગે એવું બોલજે. અમે થોડું જીવવાના છીએ. માટે મરતાં સુધી અમે તો ગમ્મત કરવાના; પણ તું ઘણું જીવજે, સારૂં બોલજે અને બીજું પણ સારૂં અને ઉપયોગનું શીખજે.

ડ્રિલ માટે આપેલી સૂચના મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કોના બનાવેલા પહેલી ચોપડીના અર્થમાં જુઓ.

ડમ્બેલ્સની ડ્રિલ.

તૈયાર કહેતાં તૈયાર થવું. ચાલો કહેતાં સીધા ઉભા રહેવું.

રમત ૧—૧) બેઉ હાથ સામે. ૨) ખભે. (આમ આઠ ગણી)

રમત ૨—તૈયાર—જાગૃત થવું. ચાલો-ડમ્બેલ્સ હાથમાં લઇ

ઉભા રહેવું. (૧) બંને હાથ ખભાની સીધાણુમાં (મુઠ્ઠી આકાશ તરફ ચત્તી રાખવી) (૨) બંને હાથ ખભા ઉપર અડાવવા. ૩, ૫, ૭ એક પ્રમાણે. ૪, ૬ બે પ્રમાણે. આઠે જમીનપર મૂકી દેવા.

રમત ૩—તૈયાર ઉપર મુજબ. ચાલો—ઉપર મુજબ. (૧) બને હાથ માથાની સીધાણુમાં કાનની લગોલગ ઉંચા રાખવા. (૨) ખભે અડાવવા. ૩, ૫, ૭ એક પ્રમાણે. ૪, ૬ બે પ્રમાણે. આઠે જમીનપર મૂકી દેવા.

રમત ૪—(૨ જી થી ઉલટી) તૈયાર અને ચાલો રમત ૧ લી મુજબ (૧) હાથ ખભાની સીધાણુમા સીધા પણ મુઠ્ઠી જમીન તરફ રાખવી. (૨) બગલમાં અડકાડવા. ૩, ૫, ૭ એક પ્રમાણે ૪, ૬ બે પ્રમાણે. આઠે જમીન પર મૂકી દેવા.

રમત ૫—(૩ જી ઉલટી) તૈયાર અને ચાલો રમત ૧ લી મુજબ. (૧) બને હાથ માથાની સીધાણુમાં સીધા ઉંચા પણ મુઠી બહારની બાજુએ. (૨) ખભાની સીધાણુમાં હાથ સીધા ૩, ૫, ૭, એક પ્રમાણે. ૪, ૬ બે પ્રમાણે. આઠે જમીન પર મૂકી દેવા.

(રાગ લશ્કરી કુચ.)

લઇ ડમ્બેલ્સ કરજો આમ, માથે રાખો બાળ તમામ;
ડાબો જમણો ઠોકતા જાઓ, પહોળા હાથો કરતા જાઓ.
નીચે પાછા તેને ધરો, ઉંચા સઘળા સાથે કરો;
સામાસામી ફરતા જાઓ, કરી સલામ ને સીધા થાઓ.

પોતાની જગાએ જતી વખત બોલવાની ડ્રિલ.

ચાલો ચાલોને ભાઇઓ અહીંથી સીધા સીધા સહુને ઠામ.
ધીમા ધીમા પગ ઉપાડી સૌને સાથે કરો સલામ—　　ચાલો
હેનેથી સૌ હળીમળીને ચાલો કરીએ રૂડાં કામ—　　ચાલો

ઘેર જતી વખત બોલવાની ડ્રિલ.

ડ્રિલ આપણી પુરી થઇને, ચાલો જઇએ બહારો બહાર;

ધીમે ધીમે પગ ઉપાડી, ચાલો સર્વે હારો હાર.
સ્વસ્થ બનીને સર્વે ચાલો, આડું અવળું નવ જોશો;
સાચવજો સૈ દફતર પોતે, નહિ તો તેમાંનું ખોશો.

નજર આપણી સામે રાખો, ચાલો સૈ એક એક પુઠે;
સંભાળી સંભાળી ચાલો, હાર આપણી નવ તુટે.
ઉભા રહો સૈ સૌને ઠામે, આઘા પાછા નવ થાશો;
સૈ સાથે શિક્ષકને પોતે નમન કરીને સ્થિર બેસો.

એકથી પાંચ સુધી ઉમેરવા તથા બાદ કરવા વિષે પાઠ.

પ્ર. આ ટેબલપર કેટલા લખોટા છે? ઉ. કંઇ નથી. પ્ર. કઇ નથી. એમ બતાવવાને ૦ આવું કાઢે તેને શૂન્ય કહે છે. જુઓ હું ટેબલપર લખોટો મુકુંછું મેં કેટલા લખોટા મુકયા? ઉ. એક. પ્ર. ટેબલપર કેટલા લખોટા છે? ઉ એક. પ્ર. તમે કેટલી ટોપી પહેરી છે? ઉ. એક. પ્ર પેટ કેટલા છે? ઉ. એક. પ્ર. નાક કેટલાં છે? ઉ. એક. પ્ર. એક લખોટો ટેબલપર છે ને બીજો મુકયો હવે કેટલા થયા? ઉ. બે. પ્ર. તમારે હાથ કેટલા છે? ઉ. બે. પ્ર. પગ કેટલા છે? ઉ. બે. પ્ર. કાન કેટલા છે? ઉ. બે. પ્ર. બે લખોટામાંથી એક લઇ લઉં છું હવે કેટલા રહ્યા? ઉ. એક. પ્ર. બે લખોટામાં એક ઉમેરીએ તો કેટલા થાય.? ઉ. ત્રણ. પ્ર. તમારા એક હાથની આંગળીના કેટલા કટકા છે? ઉ. ત્રણ પ્ર. એક સવાકાની કેટલી પાઇ મળે? ઉ. ત્રણ. ત્રણ લખોટામાંથી એક લઇ લઉં તો કેટલા રહે? ઉ. બે. મારી પાસે ત્રણ બોર છે તેમાંથી બે ખાઇ જાઉં તો કેટલા રહે? ઉ. એક. મારી પાસે એક પાઇ છે ને બીજી બે પાઇ મળે તો કેટલી થાય? ઉ. ત્રણ. પ્ર ત્રણ લખોટામાં એક નાખીએ તો કેટલા થાય? ઉ. ચાર. પ્ર. બકરીને કેટલા પગ હોય છે? ઉ. ચાર. પ્ર. બીજા કોને ચાર પગ હોય છે? ઉ. ગાય, ભેંસ, વગેરે. પ્ર. ચાર લખોટામાંથી એક હું મગનને આપું તો મારી પાસે કેટલા રહે? ઉ. ત્રણ. પ્ર. એક બકરીનો એક પગ ભાંગેલો છે તો આખા કેટલા? ઉ ત્રણ. મારી પાસે ચાર જમરૂખ છે તેમાંથી બે ફેંકી દઉં તો કેટલા રહે? ઉ. બે. ચાર પાઇમાંથી બે પાઇના બોર લીધાં તો હવે કેટલી પાઇ રહી? ઉ. બે.

મારી પાસે એક સવાકો ને એક પાઇ છે તો બધું મળીને કેટલી પાઇ થઇ ? ઉ. ચાર. ચાર પાઇમાંથી ત્રણ પાઇની પેન લીધી હવે કેટલી રહી ? ઉ. એક. પ્ર. તમારે એક પગે કેટલાં આંગળાં છે ? ઉ. પાંચ જુઓ ટેબલપર કેટલા લખોટા છે ? ઉ. પાંચ. પાંચ લખોટામાંથી એક નીચે ગબડી ગયો હવે કેટલા રહ્યા ? ઉ. ચાર. પ્ર. ચારમાં કેટલા ઉમેરીએ તો પાંચ થાય ? ઉ. એક. પાંચ બોરમાંથી બે બોર સડેલાં નીકળ્યાં તો સારાં કેટલાં ? ઉ. ત્રણ. પાંચ લખોટામાંથી ત્રણ આપી દઉં તો કેટલા રહે? ઉ. બે. પાંચ લખોટામાંથી ચાર લખોટા આપી દઉં તો કેટલા રહે ? ઉ. એક. પ્ર. એક ને એક ? ઉ. બે. પ્ર. બે ને એક ? ઉ. ત્રણ. પ્ર. ત્રણ ને એક? ઉ. ચાર. પ્ર. ચારને એક ? ઉ. પાંચ. પ્ર. પાંચમાંથી એક લઉં તો કેટલા રહે ? ઉ. ચાર. પ્ર. ચારમાંથી એક લઉં તો કેટલા રહે ? ઉ. ત્રણ. પ્ર. ત્રણમાંથી એક જાય તો કેટલા રહે ? ઉ. બે. પ્ર. બે. માંથી એક જાય તો કેટલા રહે ? ઉ. એક. પ્ર. એકમાંથી એક જાય તો શું રહે? ઉ. કંઇ નહિ. પ્ર. કંઇ નહિ હોય ત્યારે શું કહેવાય. ઉ. શૂન્ય ૦ એ પ્રમાણે, બે, ત્રણ, ચાર, પાંચ ઉમેરતાં તથા બાદ કરતાં શીખવું.

સરવાળાનો કોઠો.

૧+૧=૨	૧+૨=૩	૧+૩=૪	૧+૪=૫	૧+૫=૬
૨+૧=૩	૨+૨=૪	૨+૩=૫	૨+૪=૬	૨+૫=૭
૩+૧=૪	૩+૨=૫	૩+૩=૬	૩+૪=૭	૩+૫=૮
૪+૧=૫	૪+૨=૬	૪+૩=૭	૪+૪=૮	૪+૫=૯
૫+૧=૬	૫+૨=૭	૫+૩=૮	૫+૪=૯	૫+૫=૧૦
૬+૧=૭	૬+૨=૮	૬+૩=૯	૬+૪=૧૦	
૭+૧=૮	૭+૨=૯	૭+૩=૧૦		
૮+૧=૯	૮+૨=૧૦			
૯+૧=૧૦				

બાદબાકીનો કોઠો.

૧-૧=૦	૨-૨=૦	૩-૩=૦	૪-૪=૦	૫-૫=૦
૨-૧=૧	૩-૨=૧	૪-૩=૧	૫-૪=૧	૬-૫=૧
૩-૧=૨	૪-૨=૨	૫-૩=૨	૬-૪=૨	૭-૫=૨
૪-૧=૩	૫-૨=૩	૬-૩=૩	૭-૪=૩	૮-૫=૩
૫-૧=૪	૬-૨=૪	૭ ૩=૪	૮-૪=૪	૯-૫=૪
૬-૧=૫	૭-૨=૫	૮-૩=૫	૯-૪=૫	૧૦-૫=૫
૭-૧=૬	૮-૨=૬	૯-૩=૬	૧૦-૪=૬	
૮-૧=૭	૯-૨=૭	૧૦-૩=૭		
૯-૧=૮	૧૦-૨=૮			
૧૦-૧=૯				

દડાની રમત.

રમત ૧. દડા સામ સામે ફેંકવાની કૃતિ.

સૂચના--બે હાર વચ્ચે ચાર ફુટનું અંતર રાખાવવું.

ફેંકો ફેંકોરે દડા સામી હારે; જશે જશે તે ગોળના આકારે. (૧)
આપો આપો વિવેકે થીર થઇને; લેજો લેજો બધાએ એમ રહીને (૨)
વાંકા વાંકા ન વળશે કો કાળે; સીધા સીધા રહીને ઉછાળે. (૩)
ઝીલી ઝીલીને જઇશું બહુ થાકી; રમત રમવાની છે રે બહુ બાકી. (૪)

ટીપ—આ કવિતાથી તિરકસ પણ ફેંકાશે. મહાવરો વધ્યા પછી જમણા, ડાબા, અવળા ફેરવતા જવું ને કૃતિ કરાવવી.

રમત ૨. દડાનો વાર જોડે સંબંધ તથા મૂળ અને મિશ્ર રંગનું ભાન.

સૂચના—૭ બાળકોને એક હારમાં ભીંત સામે મો રખાવીને ઉભા રાખવા.

(સુંદર સામળીઆ એ રાગ)

(બધા બોલે) તમે દડા રમો વાર પ્રમાણે નિત્યે;
રંગો પર ધ્યાન ચોંટાડો એક ચિત્તે. (ટેક)
(લાલ દડાવાળો બોલે) લાલ દડે રમજો સોમવારે,
(પીળા દડાવાળો બોલે) પીળો પકડજો મંગળવારે,
(વાદળી દડાવાળો બોલે) વાદળીનો વારો બુધવારે,
(બધા બોલે) આ મૂળ રંગોને આધારે.
કહું છું તમને પ્રીતે.
(નારંગી દડાવાળો બોલે) ગુરૂવારે નારંગી રમજો.
(લીલા દડાવાળો બોલે) શુક્રવારે લીલા લઇ ફરજો.
(જાંબુડા દડાવાળો બોલે) શનિવારે જાંબુડા લેજો.
(બધા બોલે) મેળવણીના છે એ રંગો, શીખવા રૂડી રીતે. (ટેક)

રમત ૩. દસ છોકરાની વાતચીત.

સૂચના—પાંચ પાંચની બે હાર કરી સામસામા ઉભા રાખવા.

(જુઓ જુઓ પંખીની આ ટોળી. એ રાગ)

૧ જુઓ જુઓ આ દડો કેવો છે. રાતો રાતો એ જોવા જેવો છે.
૩ ઊને ઊને એને ગુંથેલો છે. ૪ રંગે રંગે એને રંગેલો છે.
૫ લીંબુ લીંબુ જેવો એ ગોળો છે. ૬. ગબડે ગબડે જુઓ એ ભોળો છે.
૭ માર મારે તોયે પાસે આવે છે. ૮. હલકો હલકો એ મન લોભાવે છે.
૯ પોચો પોચો એ પોચાવા જેવો છે. ૧૦. રમો રમો એ રમતમાં બેવો છે.

સમાપ્ત.